પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૩ | ૧૨ જુન, ૨૦૧૮, મંગળવાર; અ. જેઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ટ્રમ્પ-કિમ વચ્ચે આજે શિખર મંત્રણા

**વિશ્વભરના દેશોની મંત્રણા પર નજર : કિમ જોંગ અને ડોનાલ્ડ ટ્રમ્પ મક્કમ ઇરાદા સાથે સિંગાપોરમાં : આજે સિંગાપોરના સેન્ટોસા દ્વિપમાં સ્થિત ભવ્ય ફાઇવ સ્ટાર રિસોર્ટ હોટલમાં ઐતિહાસિક બેઠક : પરમાણુ હથિયારોની નાબૂદીનો મુદ્દો મુખ્ય રીતે ચમકશે**



સિંગાપોર,તા. ૧૧

જેના પર દુનિયાના દેશોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે તે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના નેતા કિંમ જોંગ ઉન વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક આવતીકાલે મંગળવારના દિવસે સિંગાપોરમાં યોજાનાર છે. આ બેઠક સફળ રહેશે કે કેમ તેને લઈને ટોપના નિષ્ણાતોમાં પણ ચર્ચાની શરૂઆત થઈ ગઈ છે. બંને નેતાઓ સિંગાપોરમાં અનેક પ્રકારની અપેક્ષાઓ અને આશા વચ્ચે પહોંચી ચુક્યા છે. આ બેઠકમાં કોઈ સમજૂતિ પણ થશે કે કેમ તેને લઈને પણ ભારે સસ્પેન્સની સ્થિતિ છે. આવતીકાલે કાલે ટ્રમ્પ અને કિમ સિંગાપોરના સેન્ટોસા દ્વીપમાં કપેલા હોટલમાં મળશે. બંને નેતાઓ પહેલાથી જ સિંગાપોરમાં પહોંચીને સિંગાપોરના વડાપ્રધાન સાથે વાતચીત કરી ચુક્યા છે. કોઈને એવી અપેક્ષા ન હતી કે, એક બીજાથી વર્ષો સુધી દૂર રહેનાર બે લીડરો મંત્રણા ટેબલ ઉપર પહોંચી ગયા છે. એકબીજાને પરમાણુ હથિયારો સાથે યુદ્ધની ધમકી પણ હાલના સમયમાં આ બંને નેતાઓ આપી ચુક્યા છે. એકબીજા ઉપર આક્ષેપોનો દોર તેમની વચ્ચે ચાલ્યો હતો. ટ્રમ્પ કહી ચુક્યા છે કે, મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારોનો નિકાલ લાવવાનો છે. પરમાણુ યુદ્ધ કરવાની એકબીજાને ધમકી બંને

● અનુસંધાન પાન-૭ પર

## વિપક્ષી એકતા માટે રાહુલ ગાંધી અને શરદ પવાર વચ્ચે ચર્ચા

**રાહુલ અને પવાર વચ્ચે ૪૫ મિનિટ સુધી ચર્ચા : આગામી ચૂંટણીમાં આક્રમક પ્રચાર કરવા પવારનું સૂચન**



નવીદિલ્હી, તા. ૧૧

વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને રાહુલ ગાંધી ધીમીગતિએ પોતાની આક્રમક તૈયારી કરી રહ્યા છે. એકબાજુ ભાજપ સરકારના લોકો સરકારની સિદ્ધિઓ ગણાવવામાં વ્યસ્ત છે ત્યારે રાહુલ ગાંધી વિપક્ષી એકતાને મજબૂત કરવાના પ્રયાસમાં લાગેલા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ હાલના દિવસોમાં અનેક મોટા નેતાઓ સાથે વાતચીત કરી છે. હવે એનસીપીના નેતા શરદ પવાર સાથે પણ રાહુલે બેઠક યોજી છે. રાહુલ ગાંધીને મળવા માટે શરદ પવાર એક દિવસ માટે દિલ્હી પહોંચ્યા હતા. પવારને મળવા રાહુલ જનપથ સ્થિત સરકારી આવાસ ઉપર પહોંચ્યા હતા. બંને વચ્ચે ૪૫ મિનિટ સુધી ચર્ચા થઈ હતી. પવાર અને રાહુલ વચ્ચે વિપક્ષની આગામી રણનીતિને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના આ દિગ્ગજ નેતાએ રાહુલને કેટલીક જરૂરી ટિપ્સ પણ આપી હતી. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન પર ધ્યાન કેન્દ્રિત કરીને જો ત્રણેય રાજ્યોમાં ભાજપને હરાવીને કોંગ્રેસ પાર્ટી સત્તા પર આવે છે તો આવનાર લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી મજબૂત થશે. રાહુલનું કદ પણ મજબૂત થશે. ગુજરાત અને કર્ણાટકમાં જે પ્રકારે પ્રચાર કરવામાં આવ્યો છે તે જ રીતે આ રાજ્યોમાં પણ પ્રચાર કરવામાં આવે તે જરૂરી છે.

## ન્યુઝ ટ્રેક

### પ્રણવ મુખર્જીને કોંગ્રેસની ઈફતાર પાર્ટીમાં આમંત્રણ નહીં

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને કોંગ્રેસ દ્વારા આયોજિત ઈફતાર પાર્ટીમાં આમંત્રણ અપાયું નથી. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિક અન્સારીનું નામ પણ ગાયબ છે.

### દિલ્હી વિધાનસભામાં હંગામો

દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો અપાવવા માટે આમ આદમી પાર્ટી પૂર્ણ દબાણ કરી રહી છે. આ મુદ્દો દિલ્હી વિધાનસભામાં ઊભો થતાં ભાજપના ધારાસભ્યોએ પાણી અને લોકપાલ વિષય પર જબરદસ્ત હંગામો કર્યો છે.

### લાલુપ્રસાદને નીતીશકુમારની વધામણી

૭૦ વર્ષના થતાં તેમનાં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી નીતીશકુમાર સહિતના મહાનુભાવોએ તેમને અભિનંદન આપ્યા હતા.

### આઝમગઢમાં બાટલો ફાટતા ૬ના મોત

યુપીના આઝમગઢ જિલ્લાના એક ગામમાં ધાર્મિક અનુષ્ઠાન દરમિયાન બાટલો ફાટ્યો હતો. આ ઘટનામાં ૬ના મોત નિપજતા માતમ છવાયો હતો.

### કોલોરાડો જંગલમાં વિકરાળ આગ

અમેરિકાના કોલોરાડોનાં જંગલોમાં લાગેલી આગે ૨૪ કલાકમાં વિકરાળ સ્વરુપ ધારણ કરતાં નુકશાનનો આંકડો બમણો થઈ ગયો છે. કોલોરાડોમાં ૨ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ ઘટાડો

**નવા વિકલ્પ પર ચર્ચા : તેલની વધતી કિંમતો વચ્ચે નવી તૈયારી હાથ ધરવામાં આવી : હવે ટ્રક અને બસ જેવા કોમર્શિયલ વાહનોનોમાં કોલસા આધારિત મિથિનોલનો ઉપયોગ કરવાની દરખાસ્ત**

નવીદિલ્હી,તા. ૧૧

પેટ્રોલ અને ડીઝલની કિમતમાં આજે સતત ૧૩માં દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો. ૨૯મી મેના દિવસે કિંમતોમાં વધારો કરવામાં આવ્યા બાદથી સતત ઘટાડો કરવામાં આવી રહ્યો છે. આજે પેટ્રોલની કિંમતમાં પ્રતિલીટર ૨૦ પૈસા અને ડીઝલની કિંમતમાં પ્રતિલીટર ૧૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ ઉપર જણાવવામાં આવ્યું છે કે, દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૨૦ પૈસા સુધીનો ઘટાડો કરાયો છે જ્યારે ડીઝલની કિંમતમાં દિલ્હીમાં ૧૫ પૈસા અને મુંબઈમાં ૧૬ પૈસાનો ઘટાડો કરાયો છે. કોલકાતામાં પેટ્રોલની કિંમત ૧૯ પૈસા ઘટી છે જ્યારે ચેન્નાઈમાં ૨૧ પૈસા ઘટી છે. દિલ્હીમાં સુધારવામાં આવેલા રેટની વાત કરવામાં આવે તો પેટ્રોલ અને ડીઝલની કિંમત ક્રમશઃ ઘટી છે.

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ વડાપ્રધાન વાજપેયીને સારવારના અર્થે ખસેડાયા

નવીદિલ્હી,તા. ૧૧

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. વાજપેયીને રૂટિન ચેકઅપ માટે એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ સામાન્ય છે અને ટૂંકમાં જ રજા આપી દેવામાં આવશે. એમ્સના તબીબ રણદીપ ગુલેરિયાની સલાહ ઉપર તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પહેલા પૂર્વ વડાપ્રધાનની તબિયતને લઈને એક નિવેદન કરવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમની સ્થિતિ સ્થિર છે. ગુલેરિયાની દેખરેખમાં તબીબોની ટીમ જરૂરી મેડિકલ ટેસ્ટ કરી રહી છે. બાજપાઈની ખબર અંતર પૂછવા પ્રધાનમંત્રી મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પહોંચ્યા હતા.

## ભાજપ સરકાર ચોક્કસ અમીરો માટે કામો કરે છે : રાહુલ ગાંધી

**ભાજપ- સંઘ પર દેશને વિભાજિત કરવાનો રાહુલનો ગંભીર આક્ષેપ : કુશળ લોકોને પણ માન સન્માન મળી રહ્યું નથી : ખેડૂતોનું દેવું માફ થતું નથી**

નવીદિલ્હી, તા. ૧૧

કોંગ્રેસ પ્રમુખ રાહુલ



ગાંધીએ આજે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપની સરકાર નહીં પરંતુ કોંગ્રેસ જ સામાન્ય લોકોને તેમના અધિકારો આપી શકશે. રાહુલે કહ્યું હતું કે, મોદી બીજાના કામ માટે ક્રેડિટ લઈ રહ્યા છે. આ ઉપરાંત તેઓએ મોદી સરકાર ઉપર કેટલાક ચોક્કસ અમીર લોકો માટે કામ કરવાનો પણ આક્ષેપ કર્યો હતો. દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં ઓબીસી સંમેલનને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, જે લોકોની પાસે કુશળતા છે, જે લોકો કામ કરે છે તેમને સન્માન મળતુ નથી પરંતુ ફાયદો કોઈ અન્ય લોકો લઈ જઈ રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખે આક્ષેપ કર્યો હતો કે, મોદી સરકાર

માત્ર ૧૫ સૌથી અમીર લોકો માટે કામ કરી રહ્યા છે. ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે પરંતુ તેમનું દેવું માફ થશે નહીં. રાહુલે કહ્યું હતું કે, ભારતની અંદર જે લોકો કામ કરે છે તે છુપાયેલા રહે છે. જે નાના કામ કરે છે તે લોકો છુપાયેલા રહે છે. લાભ કોઈ અન્ય લોકો લઈ જાય છે.

## બસપ સાથે ગઠબંધન રાખવા અખિલેશ બેઠકો પણ છોડશે

**ભાજપની હારની ખાતરી કરવા કોઇપણ બાંધછોડ કરવા માટે અખિલેશ તૈયાર : સપા દ્વારા પણ તૈયારી**

લખનૌ,તા. ૧૧

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આજે કહ્યું હતું કે, તેમની પાર્ટી બસપ સાથે ગઠબંધનને સજીવન રાખવા માટે લોકસભાની કેટલીક સીટો જતી કરવા માટે તૈયાર છે. તેમની પાર્ટી કેટલીક સીટોનું બલિદાન પણ આપી શકે છે. ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપને સત્તાથી દૂર રાખવાની ખાતરી કરવા તમામ પ્રયાસો કરવામાં આવશે. અખિલેશે એક રેલીમાં કહ્યું હતું કે, બસપ સાથે અમારુ ગઠબંધન જારી રહેશે. ૨૦૧૯માં જો અમને કેટલીક સીટો છોડવાની આવશે તો અમે છોડીશું. અમે આ બાબતની ખાતરી કરીશું કે ભાજપની કોઈ રીતે હાર થાય. વિશ્વ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે. પડોશી દેશો પણ ઝડપથી આગળ વધી રહ્યા છે. ચીને અમારા પર જંગી લીડ મેળવી લીધી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના ભાજપના લોકોએ આને લઈને આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના લોકોનું કહેવું છે કે, માયાવતી અને અખિલેશ પોતાની પ્રાદેશિક ઓળખને ગુમાવી દેશે. બુઆ અને બબુઆ ભાજપ સામે સ્પષ્ટપણે ફેંકાઈ જશે. કારણ કે મુદ્દાઓ ઉપર કોઈ ગઠબંધન નથી. મુદ્દા વગર ગઠબંધન ક્યારેય કામ કરી શકતું નથી. ઉત્તરપ્રદેશમાં કૈરાના અને નુરપુરમાં હાલની લોકસભા પેટાચૂંટણીમાં ગઠબંધને જોરદાર દેખાવ કર્યો હતો અને જીત મેળવી હતી. પેટાચૂંટણીમાં સારા દેખાવ બાદ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી એકબીજાની નજીક આવ્યા છે. બીજી બાજુ કર્ણાટકમાં કુમારસ્વામીની શપથવિધિમાં માયાવતી અને અખિલેશ યાદવ બંને પહોંચ્યા હતા અને એકમંચ ઉપર દેખાયા હતા.

## નિરવ મોદીએ બ્રિટનમાં રાજકીય શરણ માંગ્યુ હોવાનો ધડાકો

ન્યુ દિલ્હી,તા.૧૧

પંજાબ નેશનલ બેંક કૌભાંડનો મુખ્ય આરોપી અને અરબપતિ નીરવ મોદી જેના પર ૨ બિલિયનની છેતરપિંડીનો આરોપ છે તે બ્રિટેન પહોંચી ગયો છે. ત્યા તે રાજનીતિક શરણ લેવા માંગે છે. આ દાવો ભારતીય અને બ્રિટિશ અધિકારીઓ દ્વારા એક સમાચારપત્રમાં કરાયો છે. જેમણે તેના બ્રિટનમાં હોવાની ખાતરી આપી છે. ફેબ્રુઆરીમાં PNB કૌભાંડ સામે આવ્યા બાદથી નીરવ મોદી ફરાર છે. આ મામલે બ્રિટનના ગૃહમંત્રાલયનું કહેવુ છે કે તે વ્યક્તિગત મામલાની જાણકારી પુરી પાડતુ નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

## સ્મરણાંજલિ



**સ્વ. સિદ્ધાર્થભાઈ ઝવેરી**

न जायते म्रियते वा कदाचि, न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजौ नित्यः शाश्वतोऽयं पुराणो, न हन्यते हन्यमाने शरीरे ॥

२-२० भगवद् गीता

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.

૨-૨૦ ભગવદ ગીતા

આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

હેતલ ઝવેરી - કિન્નર ઝવેરી
જ્યોત્સનાબેન ઝવેરી
કથન - કવન